ગાંધીનગર સમાચાર

દેશમાં ખરાબ દિવસો ખતમ થયા : મોદી

મોદીએ મથુરામાં સરકારના કામનો ૩૬૫ દિવસનો હિસાબ આપ્યો

મથુરા,તા. ૨૫

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મથુરામાં મહારેલી યોજી હતી અને પોતાની સરકારના ૩૬૫ દિવસનો હિસાબ આપ્યો હતો. મોદીએ યુપીએ સરકાર સાથે પોતાના એક વર્ષના કામની સરખામણી કરતાં કહ્યું હતું કે, દેશના ખરાબ દિવસો ખતમ થઈ ગયા છે અને દેશમાં ચારેયબાજુ નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પોતાની સરકારની યોજનાઓની પ્રશંસા કરતાં તેમણે કહ્યું હતું કે, આજે જ્યારે ૧૨ રૂપિયામાં કફનની ખરીદી પણ થઈ શકતી નથી. તેમની સરકાર ૧૨ રૂપિયામાં વાર્ષિક ગરીબોને જીવનરક્ષક વીમાની યોજના આપી રહી છે. મોદીએ કહ્યું હતું કે, ગયા વર્ષે જ્યારે યુપીએની સરકાર હતી ત્યારે દેશમાં હાલત કફોડી હતી. દેશના ખરાબ દિવસો ચાલી રહ્યા હતા. દરરોજ એક પછી એક કૌભાંડ સપાટી પર આવી રહ્યા હતા. રિમોટ કંટ્રોલથી સરકાર ચાલી રહી હતી. રોજ નવા ભ્રષ્ટાચાર પ્રકાશમાં આવી રહ્યા હતા. મોદીએ લોકોને પ્રશ્ન કરતા કહ્યું હતું કે, ખરાબ કામ બંધ થયા છે આ બાબત લોકોને પણ સમજ આવી રહી છે. છેલ્લા એક વર્ષમાં કોઈપણ કૌભાંડ સપાટી પર આવ્યા નથી. કોઈપણ ભાઈ-ભતીજાવાદના સમાચાર આવ્યા નથી. કોઈ રિમોટ કંટ્રોલના સમાચાર પણ આવ્યા નથી. કોઈ નેતાજીના દામાદનો મામલો પણ આવ્યો નથી. કોઈ નેતાજીના પુત્રનો પણ કિસ્સો આવ્યો નથી. ચોરી અને લૂંટ બંધ થઈ ચુકી છે. મોદીએ કહ્યું હતું કે, એક વર્ષ પહેલા તેઓએ કહ્યું હતું કે, તેઓ વડાપ્રધાન નહીં પરંતુ પ્રધાનસંત્રી તરીકે રહેશે. સવાસો કરોડ દેશવાસીઓની તિજોરી ઉપર પંજાને પડવા દેશે નહીં. ચોરી અને લૂંટના ખેલને તેઓ બંધ કરાવી ચુક્યા છે. રાહુલ ગાંધી પર પ્રહાર કરતાં મોદીએ કહ્યું હતું કે કેટલાક લોકો ભારે પરેશાન થયેલા છે. તેમની પરેશાની એ છે કે, તમામ લોકોના

સારા દિવસો આવ્યા છે. પરંતુ કેટલાક લોકોના ખરાબ દિવસો આવ્યા છે. જે લોકોના ખરાબ દિવસો આવ્યા છે તેમને તકલીફ થઈ રહી છે, આ લોકો બુમ પાડી રહ્યા છે. કારણકે, ૬૦ વર્ષ સુધી દેશની રાજનીતિમાં તેમનો અવાજ સંભળાતો હતો. તેમના ખરાબ દિવસો આવવાની બાબત સ્વાભાવિક છે. જેથી તેઓ જોરશોરથી બુમો પાડી રહ્યા છે. જે લોકોએ દેશમાં લુંટ ચલાવી છે તે લોકો માટે સારા દિવસની ગેરેન્ટી તેઓએ આપી નહતી. મોદીએ એમપણ કહ્યું હતું કે, અમે ગેસ સબ્સિડીની ચોરી રોકવામાં સફળ રહ્યા છીએ. આજે ૧૨ કરોડ લોકો બેંક ખાતામાં સીધી સબ્સિડી મેળવી રહ્યા છે. અમે ખેડૂત માટે સોઇલ હેલ્થકાર્ડ યોજના શરૂ કરી ચુક્યા છીએ. ખેડૂતોની જમીનની તબિયત ઠિક કરવાના પ્રયાસ કરી રહ્યા છીએ. પાંચ વર્ષની અંદર ૨૪ કલાક વિજળી ખેડૂતોને આપવામાં આવશે. ૨૦ લાખ ટન યુરિયાનું ઉત્પાદન વધનાર છે. ઉત્તરપ્રદેશ અને બરોનીમાં યુરિયાના એકમો સ્થાપિત કરાશે. ફર્ટીલાઇઝર ઉપર નીમ કોટિંગની પ્રક્રિયા હાથ ધરી છે. જેથી યુરિયાની ખેતી ઉપરાંત અન્ય કોઈ ઉપયોગ થઈ શકશે નહીં. રેલવે અને પરિવહન મંત્રાલય વચ્ચે સંકલનના પ્રયાસ થઈ રહ્યા છે. ટ્રેનના પાટાના નીચેથી રોડ અથવા પાણીની લાઈન માટે સપ્તાહમાં નિર્ણય થાય છે. અગાઉ વર્ષો લાગી જતા હતા. સરકારની તિજોરીમાં મજુરોના ૨૭ હજાર કરોડ રૂપિયા સડી રહ્યા હતા. અમે મજુરોને યુનિક નંબર આપી રહ્યા છે જેનાથી તે જ્યાં પણ જશે તેમના આ નંબર સાથે ચાલશે અને જે પણ પૈસા કપાશે તે તમામ મળશે. ૩૨ લાખ લોકોને ૧૦૦-૨૦૦ રૂપિયાથી વધારે પેન્શનની રકમ મળતી નહતી, અમે આને વધારીને ૧ હજાર કરી ચુકયા છીએ. મોંઘવારીને રોકવામાં પણ સફળ રહ્યા છીએ. અગાઉની સરકારના છેલ્લા ત્રણ વર્ષમાં ત્રણ હજાર કરોડ રૂપિયાનું રોકાણ આવ્યું હતું. એક વર્ષની અંદર ૨૫ હજાર કરોડની વિદેશી મૂડી આવી છે. પહેલાની સરખામણીમાં આ વર્ષે છ લાખ ટુરીસ્ટ નવા આવ્યા છે આનાથી લોકોને રોજગારની તક મળી છે. ૩૬૫ દિવસનો હિસાબ આપવા માટે તેઓ એટલા માટે મથુરા આવ્યા હતા કે પંડિત દિનદયાલ ઉપાધ્યાયનો અહીં જન્મ થયો હતો. આજ કારણસર તેઓ અહીં આવ્યા છે. મોદી સરકાર મંગળવારના દિવસે સત્તામાં એક વર્ષ પૂર્ણ કરી રહી છે ત્યારે ઘણી બધી પ્રાથમિકતાઓ સરકારની હોવાની વાત મોદીએ કરી હતી. ગરીબી ઉપર અંકુશ મેળવવામાં અમે સફળ રહીશું. દેશને આર્થિકરીતે મજબુત કરવામાં પણ અમે સફળ રહીશું. દેશના લોકોને ગર્વ થાય તેવું કામ કરવામાં આવી રહ્યું છે. તેમની સરકાર દેશને નવી ઉંચાઈ ઉપર લઈ જવા માટે કટિબદ્ધ છે. તેમની સરકારની યોજનાઓ ગરીબો માટેની છે. અમીર લોકો માટે નથી. જો તમામ નિર્ણયોમાં અભ્યાસ કરવામાં આવશે તો જાણી શકાય છે કે તેમની સરકારે ૩૬૫ દિવસ કામ કર્યું છે અને ઘણા સારા પગલા લીધા છે. તેઓ નિર્ણય કરી ચુક્યા છે કે, ૨૦૨૨ સુધી દેશમાં દરેક વ્યક્તિ પાસે પોતાનું ઘર રહેશે. તેઓ એક ટીમ તૈયાર કરી રહ્યા છે જે ગરીબી સામે લડત ચલાવશે. ગંગા અને યમુના બન્ને માતા સમાન છે અને તેને સ્વચ્છ કરવામાં આવશે. ક્લીન ઈન્ડિયા મિશન આના માટે જ શરૂ કરાયું છે. બિમારીની તકલીફ ગરીબોને વધારે થાય છે. પર્યાવરણના કારણે ગરીબ લોકો જ વધુ બિમાર થાય છે. નાના કારોબારીઓને સરળતા મળે તે માટે કારોબાર ચલાવાઈ રહ્યો છે. મુદ્રા બેંક આના માટે શરૂ કરવામાં આવી છે જે ૧૦ હજારથી લઈને ૧૦ લાખ સુધીની લોન આપી રહી છે. મોટી કંપનીઓને પણ રાહત અપાઈ રહી છે. નાના કારોબારીઓ પણ મહત્તમ રોજગાર આપે છે. ટુરીઝમમાં પણ રોજગારની વ્યાપક તકો સર્જાઈ છે.

ગુર્જર આંદોલન પાંચમા દિવસે જારી : સામાન્ય લોકો પરેશાન

જયપુર,તા. ૨૫

રાજસ્થાનમાં ગુર્જર આંદોલન આજે પાંચમાં દિવસે પણ યથાવત રીતે જારી રહ્યું હતું. જેથી ટ્રેન સેવાને માઠીઅસર થઈ હતી. પાંચ ટકા ક્વોટાની તેમની માંગણીને લઈને સરકાર સાથે મંત્રણા યોજ્યાના એક દિવસ બાદ પણ આંદોલન જારી રહ્યું હતું. પાંચમાં દિવસે આંદોલન જારી રહેતાં વાહન વ્યવહાર અને ટ્રેન સેવાને માઠીઅસર થઈ હતી. નોકરીમાં અનામતની માંગણીને લઈને દેખાવ યથાવત રહેતા સરકાર પણ હવે ચિંતાતુર દેખાઈ રહી છે. રાજસ્થાન સરકારે જયપુરમાં મંત્રણા માટે બીજા રાઉન્ડ માટે સમુદાયના સભ્યોને અપીલ કરી છે. જોકે, લીડરોનું કહેવું છે કે આ વાતચીત ભરતપુરમાં બયાના શહેરમાં યોજાય તેમ અમે ઇચ્છીએ છીએ. બયાનાને આંદોલનમાં મુખ્ય સેન્ટર તરીકે ગણવામાં આવે છે, જે આંદોલનના મુખ્ય કેન્દ્ર તરીકે રહેતા હાલત કફોડી બનેલી છે. ભરતપુર પીલુકાપુરાથી ૧૫ કિલોમીટરના અંતરે સ્થિત છે, જ્યાં દેખાવકારો રેલવે ટ્રેક ઉપર ગોઠવાઈ ગયા છે અને ટ્રેન સેવા ખોરવી રહ્યા છે. ગુર્જર નેતા કિરોડીસિંહે આજે કહ્યું હતું કે,

સરકારને અમે અમારો પત્ર આપી ચુક્યા છીએ. ગયા સપ્તાહમાં ગુરુવારના દિવસે આંદોલનની શરૂઆત થઈ હતી. સરકાર અમારી માંગણી માનશે તો જ આ આંદોલનનો અંત લાવવામાં આવશે. મંત્રણા ફ્લોપ થવાના પરિણામ સ્વરૂપે નેશનલ હાઈવે-૧૧ સાથે ભરતપુરમાં દિલ્હી-મુંબઈ રેલવે ટ્રેક ઉપર ગુર્જર નેતાઓ ગોઠવાઈ ગયા છે. આ ઉપરાંત સવાઈ માધવપુર વિસ્તારમાં હાઈવે પર નાકાબંદી કરવામાં આવી રહી છે. તેમના આંદોલનના લીધે પ્રવાસીઓને ભારે તકલીફ પડી રહી છે. ઘણી ટ્રેનોને રદ કરવામાં આવી છે. ઘણી ટ્રેનો ડાઈવર્ટ કરવામાં આવી છે. દોસામાં આગરા-જયપુર હાઈવેને આંદોલનકારીઓએ ખાલી કરાવી દીધો છે. જોકે, ટ્રાફિકની સ્થિતિમાં સુધાર થયો નથી. જિલ્લા કલેક્ટર રવિ જૈનનું કહેવું છે કે, ગુર્જરો જયપુર જવા સરકારની માંગણીને સ્વિકારવા તૈયાર દેખાઈ રહ્યા નથી. જયપુર બિલકુલ યોગ્ય જગ્યા છે જ્યાં વિસ્તારપૂર્વક વાત થઈ શકે છે. બીજીબાજુ ઘણા ગુર્જર નેતાઓ સામે હિંસા, જાહેર સંપત્તિને નુકશાન પહોંચાડવા અને સામાન્ય લોકોને મુશ્કેલીમાં મુકવા બદલ સામે કેસ કરવામાં આવી ચુક્યો છે.ગુર્જર સમુદાયના સભ્યો સરકારી નોકરી માટે ૫૦ ટકાની કાયદેસરની મર્યાદાની અંદર પાંચ ટકા અનામતની માંગ કરી રહ્યા છે.

ફ્રેન્ચ ઓપન : ફેડરર અને હાલેપની બીજા દોરમાં કૂચ

પેરિસ,તા. ૨૫

પેરિસના રોલેન્ડ ગેરોસ ખાતેરમાઈ રહેલી વર્ષની બીજી ગ્રાન્ડસ્લેમ ફ્રેન્ચ ઓપન ટેનિસ ચેમ્પિયનશીપમાં ટોચના ખેલાડીઓએ જીત મેળવીને તેમની આગેકૂચ જારી રાખી છે. વિશ્વના બીજા ક્રમાંકિત ખેલાડી રોઝર ફેડરરે કોલમ્બિયાના ફ્લ્લા ઉપર ૬-૩, ૬-૩, ૬-૪થી જીત મેળવીને બીજા રાઉન્ડમાં આગેકૂચ કરી લીધી છે. ૧૭ વખતના ગ્રાન્ડસ્લેમ ચેમ્પિયન ફેડરરે સતત સારો દેખાવ કર્યો હતો અને આ મેચ જીતી લીધી હતી. મહિલાઓના વર્ગમાં ત્રીજી ક્રમાંકિત ખેલાડી સિમોના હાલેપે પોતાની હરિફ ખેલાડી રોડીના ઉપર સીધા સેટમાં ૭-૫,૬-૪થી જીત મેળવી હતી. જ્યારે વાવરીન્કાએ માર્શેલ ઉપર ૬-૩, ૬-૩, ૬-૩થી જીત મેળવી હતી. ફેડરરે અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મેચ રમાડવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. કારણકે ચાહકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

બીજીબાજુ હાલેપે તેની હરિફ ખેલાડી પર સીધા સેટમાં જીત મેળવી હતી. અન્ય સ્ટાર ખેલાડીઓએ પણ જીત મેળવીને આગેકૂચ જારી રાખી હતી. આ વખતે ફ્રેન્ચ ઓપનમાં પુરુષ વર્ગમાં સરબિયાનો નોવાક જોકોવીક વધારે ફેવરીટ દેખાઈ રહ્યો છે. કારણકે, અહીં સતત ચેમ્પિયન બનેલો સ્પેનનો રાફેલ નડાલ આ વખતે ઈજાગ્રસ્ત છે પરંતુ તે મેદાનમાં ઉતર્યો છે. નડાલ અહીં ૯ વખત ચેમ્પિયન બની ચુક્યો છે અને તે દસમી વખત ટ્રોફી જીતવા માટે સજ્જ દેખાઈ રહ્યો છે. ફેડરરે મેચ બાદ કહ્યું હતું કે, તે આ વખતે મજબુત ઈરાદા સાથે મેદાનમાં ઉતર્યો છે અને વધુ એક વખત ચેમ્પિયનશીપ જીતવા માટે ઉત્સુક દેખાઈ રહ્યો છે. મહિલા વર્ગમાં આ વખતે સેરેના વિલીયમ્સ અને રશિયાની મારિયા શારાપોવા વચ્ચે જંગ થનાર છે. શારાપોવા વર્તમાન ચેમ્પિયન પણ છે.

અમે સિદ્ધીઓની જાહેરાતો કરતા નહતા : ચિદંબરમ

મોદી સરકાર કામગીરીની જાહેરાત સારી રીતે કરે છે

નવી દિલ્હી,તા. ૨૫

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી પી ચિદંબરમે આજે કહ્યું હતું કે, નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર કેન્દ્રમાં સત્તા ઉપર આવ્યા બાદથી એક વર્ષમાં કરવામાં આવેલી કામગીરીની જાહેરાત વધુ સારી રીતે કરી રહી છે. ચિદંબરમે છેલ્લા એક વર્ષમાં એનડીએ સરકારના આર્થિક વિકાસના ચાર્ટ ઉપર ચર્ચા કરવા પત્રકાર પરિષદ યોજી હતી. જેમાં ચિદંબરમે કહ્યું હતું કે, અમે વર્તમાન સરકારની જેમ અમારી સિદ્ધીઓની ક્યારેય વાત કરતા નહતા. ક્યારેય પણ પત્રિકાઓ વહેંચતા નહતા. ભાજપ સરકાર તેમની કામગીરીની વધુ સારી રીતે જાહેરાત કરી રહી છે. અમે આવું ક્યારેય કર્યું નહતું. ભૂતપૂર્વ નાણાં મંત્રીએ કહ્યું હતું કે, છેલ્લા એક વર્ષના ગાળામાં વિકાસમાં કોઈ ઉલ્લેખનીય વધારો થયો નથી. ક્રેડિટ ગ્રોથ નિરાશાજનક છે. માંગ પણ નીચી રહી છે. કોર સેક્ટરનો દેખાવ પણ કંગાળ રહ્યો છે. ચિદંબરમે એમપણ કહ્યું હતું કે, ખોટી બાબતોને કઈ રીતે જાણી

શકાય છે તેનો જવાબ આપવાની હવે જરૂર છે. જાહેર અને ખાનગી સેક્ટરના મોટી સંખ્યામાં પ્રોજેક્ટો હજુ પણ અટવાયેલા છે. ૧૬૧ જાહેરક્ષેત્રના પ્રોજેક્ટો અને ૫૬૫ ખાનગી સેક્ટરના પ્રોજેક્ટો અટવાઈ પડ્યા છે. ફુગાવામાં ઘટાડાના સંદર્ભમાં પોતાની પ્રતિક્રિયા આપતા ચિદંબરમે કહ્યું છે કે, રિટેલ ફુગાવો ચોક્કસપણે ઘટ્યો છે. પરંતુ દુધ, શાકભાજી, કઠોળ જેવી ચીજવસ્તુઓની કિંમત હજુ પણ સામાન્ય લોકોના બજેટને બગાડી રહી છે. નવેમ્બર ૨૦૧૩માં ફુગાવામાં ઘટાડાની શરૂઆત થઈ ગઈ હતી. ડબ્લ્યુપીઆઈ અને સીપીઆઈ બન્નેના ગ્રાફને જોવામાં આવે તો જાણી શકાય છે કે, નવેમ્બર ૨૦૧૪માં નોંધપાત્ર રીતે ઘટાડો થયો છે. ડબ્લ્યુપીઆઈ શુન્ય થયો છે. ચિદંબરમે કહ્યું છે કે, માત્ર છ મહિનામાં ડબલ્યુપીઆઈ શુન્ય બને તે બાબત ગળે ઉતરતી નથી. યુપીએ અને એનડીએ સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાના લીધે આ ઘટાડા થયા છે. કૌભાંડ અને ભ્રષ્ટાચારના પ્રશ્નના જવાબમાં ચિદંબરમે કહ્યું હતું કે, ૨૦૦૭ સુધી યુપીએમાં કોઈ કૌભાંડ થયા નથી તે સારી બાબત છે.

આરજેડી દ્વારા જેડીયુની માંગણને ફગાવાઇ

નિતિશને સીએમના ઉમેદવાર જાહેર કરવાની માગ ફગાવાઈ

નવી દિલ્હી,તા. ૨૫

બિહારમાં નિતિશ કુમારને મુખ્યપ્રધાન તરીકેના ઉમેદવાર જાહેર કરવાની જેડીયુની માંગને ફગાવી દેવામાં આવતા ચિંતાનુ મોજુ ફરી વળ્યું છે. આરજેડીની માંગ ફગાવી દેવામાં આવ્યા બાદ હવે બન્ને પક્ષો વચ્ચે બેઠકોની વહેચણીને લઈને મંત્રણા પર સંકટના વાદળો ઘેરાઈ ગયા છે. બન્ને પક્ષો વચ્ચે મંત્રણાને સફળ બનાવવાના પ્રયાસો ચાલી રહ્યા હતા ત્યારે બન્ને પક્ષોએ કેટલીક નવી રજૂઆત કરી છે. બિહાર વિધાનસભાની ચૂટણીમાં ભાજપને રોકવાના હેતુથી બન્ને પક્ષો સાથે મળીને ચૂંટણી લડવા યોજના ધરાવે છે. પરંતુ જેડીયુ દ્વારા નવી શરતો મુકી દેવામાં આવતા સમસ્યા સર્જાઈ ગઈ છે. સુત્રોએ કહ્યુંછે કે આરજેડીના નેતા લાલુ પ્રસાદ યાદવને કેસમાં અપરાધી ઠેરવવામા આવી ચુક્યા છે. જેથી તેઓ ચૂંટણી લડવાની સ્થિતીમાં રહ્યા નથી. સુત્રોએ કહ્યું છે કે લાલુ ચૂંટણી લડવાની સ્થિતીમાં ન રહેતા હવે એકમાત્ર નિતિશ કુમાર જ પ્રબળ દાવેદાર રહ્યા છે. જેડીયુ અને આરજેડી વચ્ચે બેઠકોની વહેચણી માટેની વાતચીત આગળ વધે તે પહેલાજ નવી શરત જેડીયુ દ્વારા મુકી દેવામાં આવી છે.છેલ્લી ચૂંટણીમાં નિતીશ કુમાર અને ભાજપ એકસાથે મળીને ચૂંટણી લડ્યા હતા. જો કે તેમની વચ્ચે લોકસભાની ચૂટણી વેળા સંબંધ તુટી પડ્યા હતા. મોદીને દેશના વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા બાદ નિતિશ કુમારે વાંધો ઉઠાવ્યો હતો જેના કારણે તેમની વચ્ચેના સંબંધો તુટી પડ્યા હતા.

દાઉદ ઇબ્રાહીમ પાકિસ્તાનમાં હોવાનો ફોન કોલ્સથી ખુલાસો

નવી દિલ્હી,તા. ૨૫

અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમની તમામ ગતિવિધી પર હવે નજર રાખવામાં આવી રહી છે. હવે ફોન કોલ્સથી એવી બાબત સપાટી પર આવી ચુકી છે કે દાઉદ પાકિસ્તાનમાં છુપાયેલા છે. સરકાર દાઉદને ટુંક સમયમાં પકડી લેશે તેવા કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહના દાવાને હાલ વધારે મહત્વપૂર્ણ ગણવામાં આવી રહ્યો નથી પરંતુ આમાં કોઈ શંકા નથી કે દાઉદ હાલમાં પાકિસ્તાનમાં છે. ભારતનો નંબર વન દુશ્મન દાઉદ પાકિસ્તાનમાં હોવાનો નક્કર ખુલાસો થઈ ગયો છે. ચાર મહિના અગાઉ ગુપ્તચર સંસ્થાઓએ દાઉદના ત્રણ ફોન કોલ્સ ટ્રેસ કર્યા હતા. જેનાથી સાબિત થાય છે કે તે પાકિસ્તાનમાં છે. દાઉદે પાકિસ્તાનમાંથી પોતાના નજીકના મિત્ર જાવેદ સાથે ફોન પર વાત કરી હતી. જાવેદ હાલમાં દુબઈમાં રહે છે. ગુપ્તચર સંસ્થાઓના ધડાકાથી પાકિસ્તાની હાઈ કમીશન અબ્દુલ બાસિતના એવા જુઠ્ઠાણાનો પણ પર્દાફાશ થઈ ગયો છે કે દાઉદ પાકિસ્તાનમાં નથી. દાઉદના જમણા હાથ તરીકે રહેલા જાવેદ દ્વારા દુબઈ અને ભારતમાં દાઉદના ગેરકાયદે કારોબારને ચલાવવામાં આવે છે. દાઉદ પોતાના અન્ય એક સાથી તારીકના પણ સંપર્કમાં રહે છે. જાવેદને ફોન કરતા પહેલા દાઉદે આને જ પાકિસ્તાનમાંથી ફોન લગાવ્યો હતો. દાઉદનારિયલ એસ્ટેટ, નાર્કોટિક્સ, હવાલા અને સટ્ટાબાજીના ગેરકાયદે કારોબાર જાવેદ ચલાવે છે. પરંતુ તારીકની ભૂમિકા અંગે માહિતી મળી શકી નથી. કોઈ પણ સમય દાઉદના નજીકના મિત્ર તરીકે રહેલા તારીક પરવીન નામના શખ્સની હાલમાં ધરપકડ કરવામાં આવી હતી. દાઉદ પોતાના ગેરકાયદે કારોબારની જ ફોન પર વાત કરે છે.

દાઉદના ફોન કોલ્સ ટ્રેસ કરવાની બાબત ઉપયોગી છે. કારણ કે વડાપ્રધાન મોદીએ આઈબી અને રોને દાઉદ અને તેના ગેરકાયદે કારોબાર સામે કઠોર કાર્યવાહી કરવાના આદેશ આપી દીધા છે. પાકિસ્તાન સરકારને પણ ભીસમાં લેવાની તૈયારી કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અંડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહિમ વર્ષોથી પાકિસ્તાન અને દુબઈ વચ્ચે ફરતો રહ્યો છે, પરંતુ કેન્દ્રમાં મોદી સરકાર આવ્યા બાદ અંડરવર્લ્ડ અને આતંકવાદીઓ ઉપર તવાઈ આવી છે. ત્રાસવાદીઓ અને અંડરવર્લ્ડમાં પણ એવી દહેશત છે કે ભારત સરકાર તેમની સામે કાર્યવાહી કરી શકે છે. આજ કારણસર ટોપના ત્રાસવાદીઓ હાલ ગુપ્ત જગ્યાઓ ઉપર છુપાયેલા છે.

નેપાળમાં ભેખડ ધસી પડ્યા બાદ બિહારમાં એલર્ટ જાહેર

પટણા,તા. ૨૫

નેપાળમાં ભેખડો ધસી પડવાની ઘટના બાદ હવે બિહારમાં પુર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. જેના ભાગરૂપે તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ છે. નેપાળમાં નદીના ઉચાણવાળા વિસ્તારમાં વિશાળ ભેખડો પડ્યા બાદ હાઈ એલર્ટ પર રહેવા માટે રાજ્યના ગંડક બેસિનમા તેનાત એન્જિનિયરો અને અદિકારીઓને નોટીસ ફટકારી છે. ભેખડો પડવાના કારણે વિશાળ કૃત્રિમ સરોવરની રચના થઈ ગઈ છે. આવી સ્થિતીમાં પાણીના દબાણના કારણે તે ફાટી જવાની શક્યતા દેખાઈ રહી છે. કૃત્રિમ સરોવર ફાટી જવાની સ્થિતીમાં મોટા પાયે મુશ્કેલ સર્જાઈ શકે છે. હાલમાં એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. બિહારના ડબલ્યુઆરડી પ્રધાન વિજય કુમાર ચૌધરીએ કહ્યુ છે કે હાલમાં પડકારને પહોંચી વળવાની તૈયારી કરવામાં આવી રહી છે. તમામ વિગતો નેપાળ પાસેથી પણ લેવામાં આવી રહી છે. નેપાળમાંથી પ્રાપ્ત અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે પાટનગર કાઠમાન્ડુથી ૧૪૦ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં ભેખડો ધસી પડવાનો બનાવ બન્યો છે. જેના કાટમાળના કારણે નેપાળમાં નદી કાલી ગંડકીમાં બ્લોકેજની સ્થિતી સર્જાઈ ગઈ છે. ભેખડો ધસી પડવાના કારણે કૃત્રિમ સરોવરની રચના થઈ ગઈ છે. આ નદી નેપાલના સાત જિલ્લા મારફતે પસાર થાય છે. સાથે સાથે ઉત્તરપ્રદેશ અને બિહારની સરહદ મારફતે ભારતમાં પ્રવેશ કરે છે જેથી તેનુ નામ ગંડક રાખવામાં આવ્યું છે. વધુમાં ગંડક નદી બિહારના છ જિલ્લામાંથી પસાર થાય છે. સંકટ તોળાઈ રહ્યું છે.

જમ્મુ જતી એક્સપ્રેસ પાટા પરથી ખડી પડતાં ભાગદોડ

લખનૌ,તા. ૨૫

ઉત્તરપ્રદેશના કોસામ્બી જિલ્લામાં મૂરી એક્સપ્રેસ ટ્રેનના ૯ ડબ્બા આજે બપોરે પાટા પરથી ખડી પડ્યા હતા. સાક્ષીઓએ દાવો કર્યો છે કે, આમાં અનેક લોકો ઘાયલ થયા છે. સાક્ષીઓએ એક વ્યક્તિના મોતને સમર્થન આપ્યું છે. બીજીબાજુ બિનસત્તાવાર અહેવાલમાં પાંચથી વધુના મોત થયા હોવાના અહેવાલ આવ્યા છે. જ્યારે ૧૦થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જાણવા મળેલ છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, જમ્મુ જતી મૂરી એક્સપ્રેસ ખડી પડી હતી. બપોરે બે વાગ્યાની આસપાસ અથસરાય રેલવે સ્ટેશન પહેલાં સિરાતુ રેલવે સ્ટેશનથી ત્રણ કિલોમીટરના અંતરે આ ટ્રેન ખળી પડી હતી. ઓરિસ્સામાં રોરકેલાથી ટ્રેન નંબર ૧૮૧૦૯ જમ્મુ જઈ રહી હતી. સિરાતુ રેલવે સ્ટેશન અને અથસરાય સ્ટેશન ખૂબ જ વ્યસ્ત રહેતા દિલ્હી-હાવળા રૂટના અલ્હાબાદ-કાનપુર સેન્ટ્રલ સેક્શનમાં આવે છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, સમગ્ર મામલામાં તપાસ હાથ ધરવામાં આવી છે. અસરગ્રસ્ત બોગીમાં એ-૧, બી-૧, બી-૨, પાંચ સ્લિપર કોચ અને એક જનરલ કોચનો સમાવેશ થાય છે. મેડિકલ ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. અલ્હાબાદથી આ ટીમ પહોંચી હતી. નજીકના ગામમાંથી સ્થાનિક લોકો પણ મદદ માટે પહોંચી ગયા હતા. જાણકારોનું કહેવું છે કે, ઉત્તરપ્રદેશ સરકાર પણ સહાયતા માટે આગળ આવી રહી છે. સરકારે કોસામ્બી ટ્રેન દુર્ઘટના માટે વળતરરૂપે બે લાખ રૂપિયાની જાહેરાત કરી છે. આ અકસ્માતના પરિણામ સ્વરૂપે આ રૂટ ઉપરની ટ્રેન સેવા સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ છે. ઘણા કોચ પાટા પરથી ખડી પડ્યા હોવાથી ટ્રેન સેવા ફરી શરૂ કરવામાં ભારે તકલીફ પડી રહી છે.

સેન્સેક્સ ૩૧૪ પોઈન્ટ ઘટી ૨૭૬૪૩ની સપાટીએ

મુંબઈ,તા. ૨૫

શેરબજારમાં આજે ફરી એકવાર મંદીનું મોજું ફરી વળ્યું છે. કારોબારના અંતે સેન્સોક્સ ૩૧૪ પોઈન્ટ ઘટીને ૨૭૬૪૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૮૯ પોઈન્ટ ઘટીને ૮૩૭૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં ફરી એકવાર મંદી રહેતા કારોબારીઓ દિશાહિન થયા હતા. કારોબાર દરમિયાન ભારે ઉથલપાથલની સ્થિતિ જોવા મળી હતી. આજે કારોબાર દરમિયાન કેટલાક શેરમાં તેજી પણ રહી હતી. જેમાં ઓએનજીસી, ભારતી એરટેલ, વિપ્રો, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાનો સમાવેશ થાય છે. માર્કેટબ્રીડ્થ આજે નકારાત્મક રહી હતી. આજે ૨૭૯૪ શેરમાં કારોબાર થયો હતો. જે પૈકી ૧૧૫૬ શેરમાં તેજી રહી હતી જ્યારે ૧૫૨૪ શેરમાં મંદી રહી હતી. એફઆઈઆઈ દ્વારા હાલમાં ભારે વેચવાલી રાખવામાં આવી છે. આઈટીસીના શેરમાં ૩.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. ઈન્ડેક્સ હેવીવેટ અને એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીમાં ૩.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેના માર્ચ ત્રિમાસિક ગાળાના પરિણામ આજે જાહેર કરાયા હતા. આઈટીસીનો નિરાશાજનક દેખાવ પરિણામમાં જારી રહ્યો છે. રેવન્યુ ગ્રોથમાં ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો છે. આજે તમામ સેક્ટરલ ઈન્ડેક્સ મંદિમાં રહ્યા હતા. એકમાત્ર ઓઈલના ક્ષેત્રમાં તેજી રહી હતી. મેટલ, એફએમસીજી અને કેપિટલગુડ્સમાં ૧-૧ ટકાનો ઘટાડો રહ્યો હતો. મેટલના શેરમાં વેદાંતા, તાતા સ્ટીલ અને હિન્દાલ્કોમાં ૧-૩ ટકા વચ્ચેનો ઘટાડો રહ્યો હતો. આઈટીસીના શેરમાં ૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. હિન્દુસ્તાન યુનિલીવર, ગોદરેજ કન્ઝ્યુમર પ્રોડ્ક્ટ અને જીલેટ ઇન્ડિયામાં પણ એક ટકાનો ઘટાડો રહ્યો હતો. એલએન્ડટી, બીઈએમએલ, એબીબીમાં પણ ઘટાડો રહ્યો હતો. બીજીબાજુ પસંદગીની જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓમાં સ્થિતિ સારી રહી હતી. ઓએનજીસીમાં ૨ ટકાથી વધુનો ઉછાળો રહ્યો હતો. જ્યારે એચપીસીએલ, બીપીસીએલમાં ૧-૧ ટકાનો ઉછાળો રહ્યો હતો. ભારતી એરટેલ અને વિપ્રોમાં ૦.૫-૧ ટકા વચ્ચેનો ઉછાળો જોવા મળ્યો હતો. અમેરિકી શેરબજારમાં શુક્રવારના દિવસે કારોબારમાં મંદી રહી હતી. ફેડરલ રિઝર્વના ચેરમેન જેનેટનું કહેવું છે કે, તેઓ આ વર્ષે કોઈપણ સમયે વ્યાજદરમાં વધારો કરવાની અપેક્ષા રાખી રહ્યા છે.